# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 13 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH FEBRUARY 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


# ઐતિહાસિક યુવા મિલન ૨૦20 ગોવા






















# ઐતિહાસિક યુવા મિલન ૨૦૨૦ ગોવા




















# ઐતિહાસિક યુવા મિલન ૨૦૨૦ ગોવા





















## ખાનદેશ રત્ના
## પ.પૂ. સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.






ચાલીસગામ ખાતે મુમુક્ષુ કુ. મોનિકાબેન (સીએ)ના દિક્ષા પ્રસંગના દ્વિતીય દિવસે તા. ૧-૨-૨૦૨૦ના ખાનદેશના સકળ સંઘો તરફથી **પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.** ને **'ખાનદેશ રત્ના'** તરીકેનું બિરૂદ આપવામાં આવ્યું.

**પ્રકાશ સમીક્ષાના વંદન...**

# Congratulations!



**CA જ્યોતિ ખોના આશર**

**CA Final ની પરીક્ષામાં ઉતીર્ણ થયા છે**
**તે બદલ અભિનંદન**

-: શુભેચ્છક :-

દાદા-દાદી : હિરબાઈ ગોવિંદજી ખોના (જખૌ-ભાંડુપ)
નાના-નાની : વિજ્યાબાઈ ઉત્તમચંદ લોડાયા (સાંધવ-રાયપુર)
માતા-પિતા : મીનાબેન મહેન્દ્ર ખોના (જખૌ-ભાંડુપ)
સાસ-સસરા : ગીતાબેન પ્રદીપ આશર (જામનગર-મુલુંડ)
પતિ : નિરવ પ્રદીપ આશર
ભાઈ-બહેન : પિંકી અને તેજસ મહેન્દ્ર ખોના

# અભિનંદન



**અ.સૌ. દર્શના ચિંતન મુનવર**

"સફળતા તેને મળે છે,
જે હંમેશા ચોક્કસપણે સખત મહેનત કરે છે"

તમોએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.) પરીક્ષા
સફળતાપૂર્વક પાસ કરવા બદલ

**ખૂબ ખૂબ અભિનંદન.**

એજ અભિલાષા સાથે અંતરની શુભેચ્છા.

**નવલબાઈ સોમચંદ ધનજી મુનવર**
**પ્રિતીબેન ચેતન મુનવર**
જખૌ – બેલ્લારી

**અમીબેન અશ્વિન કેશવજી ધરમશી**
**ઉર્મિબેન ઉદય કેશવજી ધરમશી**
નલીયા – ચવતમાલ

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૩**
**Date : 05-02-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 /64 /65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# યુવા મિલન - ૨૦૨૦

*શ્રી મુંબઈ મહાજન તથા સર્વે એકમો દ્વારા આયોજીત તથા દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ દ્વારા સંચાલિત યુવા મિલન-૨૦૨૦ ગોવા ખાતે તા. ૧૧ થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન યોજાયું હતું જેમાં મને તા. ૧૩ જાન્યુઆરીના ઉપસ્થિત રહેવાની તક મળી.*

*ઈ.સ. ૧૯૯૧મા દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ દ્વારા ક.દ.ઓ. યુવાઓ માટે સર્વપ્રથમ આયોજન હાથ ધરાયું હતું તે પછી અત્યાર સુધી આ પ્રકારના કુલ ૧૪ આયોજનો વિવિધ એકમો દ્વારા આયોજિત કરાયા છે, જેમાં યુવા મિલન-૨૦૨૦ પણ સામેલ છે. આવા આયોજનો આપણી જ્ઞાતિના યુવાનો માટે ખૂબજ લાભદાયી પૂરવાર થયા છે. આવા આયોજનો પ્રસંગે દેશના વિવિધ પ્રદેશોમાં વસતા યુવાનો એક સ્થળે એકત્રિત થાય છે, તેમના વિચારોનું આદાન પ્રદાન કરે છે, પરસ્પર મિત્રતા થાય છે, ધંધા વ્યવસાયની તકોની જાણકારી મળે છે, સંપર્ક સેતુ રચાય છે તથા દેશના વિવિધ વિસ્તારોમાં વસતા ક.દ.ઓ. વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે.*

*યુવા મિલન ૨૦૨૦નું આયોજન સ્થળ 'ધ બાયક ઓલ્ડ એન્કર રિસોર્ટ'ની એકબાજુ નદી કિનારો છે તો બીજી બાજુ સમુદ્ર છે. રીસોર્ટમાં સારી સુવિધાઓ, સાફ સુથરા રૂમ તથા ભોજનની સુવિધાઓ સાથેના સારા વાતાવરણની અસર પણ હતી. આ સંપૂર્ણ વ્યવસ્થા દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ દ્વારા એકદમ પધ્ધતિસર રીતે કરવામાં આવી હતી. જે યુવાનોએ પ્રથમ વાર આ પ્રકારના આયોજનમાં સહભાગી બન્યા હતા તેમને માટે આ યાદગાર અનુભવ બન્યો હતો.*

*૪૦૦ યુવક-યુવતીઓને બધા જ સેશન્સમાં ઉત્સાહભેર ભાગ લેતા જોઈ મને ખૂબજ આનંદ થયો હતો. દેશના વિભિન્ન પ્રદેશોમાંથી આવી પરસ્પર મિત્રતા તથા સંપર્કો કેળવી તેઓ ઘણું બધુ નવું શીખી રહ્યા હતા. ત્યાં આવેલા કેટલાંક યુવક-યુવતીઓ સાથે વાતચીત કરી તેમને સમજવાનો મારો પ્રયત્ન ખૂબજ આનંદદાયક રહ્યો. આપણા યુવાનો ખૂબજ ઉત્સાહી, તેજસ્વી તથા જ્ઞાની છે તેમજ યુવા મિલન-૨૦૨૦ માંથી તેઓ શું સાથે લઈ જવા માંગે છે તે અંગે સ્પષ્ટ હતા.*

*મેં જોયુ છે કે કેટલીક વખત આવા સેમિનાર ઉદ્દેશની પરિપૂર્ણતા નથી કરતા તથા સહભાગી થયેલા સભ્યોને તેમાંથી કશુ મળતું નથી, પરંતુ યુવા મિલન-૨૦૨૦નું આયોજન ખૂબજ અર્થપૂર્ણ રહ્યું હતું. ચારે દિવસોએ યોજાયેલા કાર્યક્રમો દ્વારા સહભાગીઓને નવું શીખવાનું તથા જ્ઞાન વૃધ્ધિ થાય એવું કશુંક મળ્યુ હતું. મોટા ભાગના બધા જ વક્તાઓ ઉત્તમ હતા પરંતુ એક વક્તા શ્રી રાહુલ કપુર જૈન પોતાની વિશેષ છાપ છોડી ગયા.*

*કેટલાંક સહભાગીઓને લાગ્યું કે પ્રવચન કરતા પ્રશ્નોત્તરી માટે વધુ સમય ફાળવવો જોઈતો હતો. ભાગ લેનારા સૌ યુવાઓને કહેવા ઈચ્છું છું કે જ્યારે તમે આ પ્રકારના આયોજનમાં સહભાગી થાવ ત્યારે પ્રવચન તથા અન્ય જે કાંઈ પ્રવૃત્તિ ત્યાં*

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*હાથ ધરાય તેમાં સંપૂર્ણ રીતે સામેલ થવું જોઈએ. આવા આયોજનો પાછળ ઘણો બધો સમય અને શક્તિ ખર્ચાય છે. એટલે તેનો પુરેપુરો લાભ તમારે લેવો જોઈએ. આવા સેમિનાર દર બે વર્ષે નિયમિત યોજાવા જોઈએ એવો મારો મત છે.*

*યુવા મિલન - ૨૦૨૦ના આયોજનના સર્વે સુત્રધારો તથા શ્રી પુનમચંદભાઈ ધરમશી, શ્રી સતીષભાઈ ધરમશી, શ્રી મુલચંદભાઈ મોતા તથા દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમના સર્વે પદાધિકારીઓને આવા સુંદર આયોજન બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.*

**- *ડૉ. હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

## વાચકોના પ્રતિભાવ

પ્રકાશ સમીક્ષાના લોકપ્રિય તંત્રી ડૉ. હિરચંદભાઈ દંડ લિખિત અંક નં. ૧૨નો તંત્રી લેખ વિચારણા માગે એવો સમયના તકાદારૂપ છે. આવું ''વડીલ ગૃહ'' જો અબડાસા વિસ્તારમાં ઉભું કરવામાં આવે તો, સ્થાનિકના ઘણા પ્રશ્નોનો ઉકેલ શક્ય બને. સ્થાનિકે આપણી વસ્તી વધે, મિલકતો સચવાય, આપણી પણ અવર જવર વધે, ફળ સ્વરૂપે વ્યવસાયની શક્યતાઓ પણ તપાસી શકાય.

હા, કદાચ એવું પણ બને કે, નાના-નાના ગામોમાં આર્થિક રીતે થોડી તકલીફ થાય, આવા સંજોગોમાં શ્રી સમસ્ત મહાજન, શ્રી મુંબઈ મહાજન તથા અન્ય ખમતીધર મહાજનો મદદરૂપ થઇ શકે. મોટી પંચતીર્થના ગામોમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરી શકાય.

એકંદરે તંત્રીશ્રીનું ''વડીલ-ગૃહ''નું સજેશન આવકારદાયક છે. અગ્રતાક્રમે વિચારવું રહ્યું.

**- દિનેશ રતનશી શાહ,** મોટી સિંધોડી-મલાડ


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


## શ્રી ભરત વેરશી જીવાણી (જખૌ - ડોંબીવલી)



આપણી જ્ઞાતિની સંસ્થાના ટ્રસ્ટી મંડળમાં પ્રથમ વખત ચુંટાઇ આવેલા જ્ઞાતિજનનો પરિચય આપવાની લેખમાળામાં આ અંકમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ચુંટાયેલા મજબૂત અને સમર્પિત કાર્યકર શ્રી ભરત વેરશી જીવાણી (જખૌ-ડોંબીવલી) સાથેની ટેલિફોનિક મુલાકાત પ્રગટ કરી છે. ચુંટાયેલા ૧૧ ટ્રસ્ટીઓમાંથી ૧૦ ટ્રસ્ટીઓ શ્રી અનંત યુવા શક્તિ પેનલના છે. જ્યારે એકમાત્ર ભરતભાઇ અકેલવીર છે. વર્તમાનમાં આવશ્યક એવો યોગ્ય વિરોધ તેઓ પ્રસ્તુત કરશે એવું લાગે છે.

**પ્ર.સ.: આપ શ્રી મુંબઇ મહાજનના વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ અને વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ એમ બે ટર્મ માટે સભ્ય પદે હતા પણ બન્ને ટર્મમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીપદની ચુંટણી લડ્યા નથી તો વર્ષ ૨૦૨૦-૨૦૨૫ની ચુંટણીમાં કેમ ઝુકાવ્યું ?**

**ઉત્તર :** મેં હમેંશા એવું અનુભવ્યું છે કે શ્રી અનંતનાથજી ટ્રસ્ટમાં ડોંબીવલીનું પ્રતિનિધિત્વ ઓછું છે. અને હવે પછીના સમયમાં ડોંબીવલીને ટાળ્યાં કરવાને બદલે ડોંબીવલીની જરૂરતોને ટ્રસ્ટ દ્વારા ન્યાય મળી રહે એ માટે મેં ચુંટણીમાં ઝુકાવ્યું હતું. ડોંબીવલીમાંથી ટ્રસ્ટની ચુંટણીમાં હું એકમાત્ર ઉમેદવાર હતો અને મને જ્ઞાતિજનોનો ટેકો મળ્યો કારણ કે તેઓ મારા કામ અને સમર્પિત સેવાઓથી પરિચિત છે. હું ડોંબીવલી માટેના પ્રકલ્પોમાં વ્યક્તિગત રસ લઇશ તથા જવાબદારીઓ પણ ઉપાડીશ સાથે સાથે હું ટ્રસ્ટના ખોરંભાયેલા કામોને પુરા કરવા તથા જ્ઞાતિને લગતા પ્રશ્નોનો હલ કરવા પ્રયત્નો કરીશ.

**પ્ર.સ.: આપે ટ્રસ્ટનું બંધારણ વાંચ્યું છે.**

**ઉત્તર :** ના.

**પ્ર.સ.: આપે ટ્રસ્ટના હિસાબ કિતાબ જોયા છે ? ટ્રસ્ટ પાસે નવા પ્રકલ્પો પુર્ણ કરવા ભંડોળ નથી તો એનો શું ઉપાય છે ?**

**ઉત્તર :** મેં હજુ સુધી ટ્રસ્ટના હિસાબ કિતાબ જોયા નથી. હવે હું ટ્રસ્ટ બોર્ડમાં ચુંટાયો છું તો હું હિસાબ કિતાબ જોઇશ, આવક - જાવકનો અભ્યાસ કરીશ તથા પ્રશ્નોના ઉકેલ માટે પ્રયત્ન કરીશ.

**પ્ર.સ.:** આપણી જ્ઞાતિના ટ્રસ્ટોનો વહીવટ પારદર્શી કેમ નથી ? મોટા ભાગના ટ્રસ્ટો જ્ઞાતિજનોને હિસાબ કિતાબ આપવામાં વિલંબ કેમ કરે છે ?

**ઉત્તર :** બધા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટોનો વહીવટ પારદર્શી હોવો જ જોઇએ. ટ્રસ્ટનું ગઠન જનતા કે જ્ઞાતિની સેવા માટે જ કરવામાં આવ્યું છે એટલે તેમને ટ્રસ્ટના હિસાબ કિતાબ જાણવાનો પુરેપુરો અધિકાર છે.

**પ્ર.સ.: ટ્રસ્ટી તરીકે આપ ક્યા કાર્યો કરવા વિચાર્યું છે ?**

**ઉત્તર :** હું ટ્રસ્ટના અધૂરા પડી રહેલા કાર્યો પુર્ણ કરવા ઇચ્છુ છું. હું બિન ઉપયોગી પ્રકલ્પનો વિરોધ કરીશ પરંતુ ઉપયોગી કાર્યોમાં પૂરો સાથ આપીશ. ગૃહ ઉદ્યોગને વધુ સારી રીતે વિકસિત કરવા તથા ટ્રસ્ટની મિલકતોનો યોગ્ય વહીવટ થાય એ મારી પ્રાથમિકતા રહેશે. હું જ્ઞાતિના અદના સેવક તરીકે કાર્ય કરી જ્ઞાતિની પ્રગતિ થાય એવું કરવા ઇચ્છુ છું.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ભરતભાઇ જીવાણીને તેમની ટ્રસ્ટી તરીકેની યાત્રા માટે પ્રકાશ સમીક્ષા તરફથી શુભકામનાઓ. **- ડૉ. હિરાચંદ દંડ**

### નિવેદન

ક.દ.ઓ. સમાજની સેવા સંસ્થાઓમાં પ્રથમ વખત ટ્રસ્ટી તરીકે ચુંટાયેલા જ્ઞાતિજનોએ પોતાનો મોબાઇલ નંબર, ઇમેઇલ આયડી મોકલવા વિનંતી. જેથી તેમની ટેલિફોનિક મુલાકાત લઇ શકાય. **- તંત્રી મંડળ**

### નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે.

આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઇમેઇલ kdoprakash@gmail.com ઉપર અથવા **C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે. **- તંત્રી મંડળ**



॥ દલતુંગી તીર્થમંડન શ્રી અજિતનાથ સ્વામીને નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

પ્રિય ગામવાસી ભાઈઓ/બહેનો, જય જિનેન્દ્ર !

ખુશાલી સાથે જણાવવાનું કે દલતુંગી મુકામે શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની **૧૧૭મી ધ્વજા** વૈશાખ સુદ પાંચમને **સોમવાર તા. ૨૭-૪-૨૦૨૦**ના ઉજવવામાં આવશે. સર્વે ગામવાસી ભાઈ/બહેનોને સહકુટુંબ પધારવા હાર્દિક આમંત્રણ છે.

ધ્વજા ચડાવવાનો લાભ **માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાલ પરિવારે** લીધેલ છે. ધ્વજાના દિવસે આખા દિવસની સાધર્મિક (સવારે નવકારશી, બપોરનું જમણ તથા સાંજે ચૌવિહાર) ભક્તિનો લાભ **માતુશ્રી મણીબેન ગોવિંદજી ગાંગજી લાપસીયા** પરિવારે લીધેલ છે. વિધીકાર **શ્રી વિક્રમભાઈ મહેતા સંગીત મંડળી** સાથે પધારશે. અઢાર અભિષેક (**નકરો રૂા. ૧૧૦૦/-**) તથા સત્તર ભેદી પુજા (**નકરો રૂા. ૭૫૧/-**) ભણાવવામાં આવશે. લાભ લેનાર ઈચ્છુક ભાગ્યશાળી પરિવારે વહેલો તે પહેલાના ધોરણે નામો **શ્રી પ્રવિણભાઈ રાયચંદ લોડાયા (મો. 9833819689)** ને લખાવવા વિનંતી.

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

---

**નોંધ : તા. ૨૬-૪-૨૦૨૦**ના આખા દિવસની સાધર્મિક ભક્તિ **માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાલ પરિવાર** તરફથી (**ચિ. દિયાંશ** ના મુંડનની ખુશાલી નિમિત્તે તથા **અ.સૌ. બીના - શેતલ બીપીન શિયાલ**ની છેડા-છેડીની ખુશાલી નિમિત્તે) રાખવામાં આવેલ છે.

---

**શ્રી ડાઘા માલદે ખેરાણી પરિવાર** તરફથી શ્રી મોમાઈ માતાજીની ધ્વજા વૈશાખ સુદ ૬ને **મંગળવાર તા. ૨૮-૪-૨૦૨૦**ના ઉજવવામાં આવશે તથા આખા દિવસની સાધર્મિક ભક્તિ **શ્રી ડાઘા માલદે ખેરાણી પરિવાર** તરફથી રાખેલ છે. ધ્વજાના લાભાર્થી **માતુશ્રી સોનબાઈ દામજી લખમશી માલદે પરિવાર.**

**સર્વે ગામવાસી ભાઈ/બહેનોએ સહકુટુંબ ત્રણે દિવસ ત્રણે ટાઈમ સાધર્મિક ભક્તિનો લાભ લેવા વિનંતી.**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

PARSHWANATH ENTERPRISE PVT. LTD.

99309 82061 / 91672 44022

tilakshah60@yahoo.co.in

Veeran Shah - 99304 75442

CONTACT FOR

Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN

HAPPY IN THE HEAD STUDIO

HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

98196 22325

happyintheheadstudio@gmail.com

ADDRESS

Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

# ઐતિહાસિક યુવા મિલન ૨૦૨૦ ગોવા

શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના નેજા હેઠળ અખિલ ભારતીય યુવા મિલન ૨૦૨૦નું આયોજન તા. ૧૧ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન કરવામાં આવ્યું હતું.

અત્રે યાદ કરવું રહ્યું કે વર્ષ ૧૯૯૧માં શ્રી દક્ષિણ ભારત એકમ દ્વારા સૌ પ્રથમ વાર દક્ષિણ વિભાગ માટે યુવા મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારથી દર બે ત્રણ વર્ષે યુવા મિલન યોજવામાં આવે છે અને વિવિધ એકમો વારા પ્રમાણે યુવા મિલનને સ્પોન્સર કરવાની સાથે એનું સંચાલન પણ કરે છે.

છેલ્લે ૬ (છ) વર્ષ પહેલાં શ્રી કચ્છ ક.દ.ઓ. જૈન એકમ દ્વારા ભુજ ખાતે યુવા મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અને વારા પ્રમાણે આ વખતે યુવા મિલન યોજવાની જવાબદારી શ્રી ક.દ.ઓ જૈન દક્ષિણ ભારત એકમની હતી જે સુપેરે સફળતાપૂર્વક ગોવા ખાતે પાર પાડવામાં આવી.

આ અખિલ ભારતીય ક.દ.ઓ. જૈન યુવા મિલનમાં દેશભરના ૪૦૦ થી વધુ યુવાઓએ ભાગ લીધો હતો. આમ આ યુવા મિલન અદ્વિતીય બની રહ્યું હતું.

**યુવા મિલન ૨૦૨૦ ગોવાના આયોજનમાં મુખ્યત્વે**

૧) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
૨) શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ
૩) શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ
૪) શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ
૫) શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ અને
૬) શ્રી ક.દ.ઓ. જૈન ઉત્તર ભારત એકમ

સહભાગી થયા હતા.

ગોવાના બાઈક ઓલ્ડ એંકર રિસોર્ટ ખાતે આ યુવા મિલનનું સંપૂર્ણ મેનેજમેન્ટ અને સ્પોન્સરશિપ દક્ષિણ ભારત એકમના હસ્તક હતા. જે માટે એકમની કાર્યકારિણી સમિતિએ સંખ્યાબંધ બેઠકો યોજી સમગ્ર કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો. જેમાં ખૂબજ બુદ્ધિમતાપૂર્વક વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ સાથે યુવા વર્ગના સંપૂર્ણ વિકાસ અને મોટીવેશન માટે આયોજન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું.

આયોજન માત્ર યુવાઓની ફેલોશિપ અને નેટવર્કિંગ માટે જ ન હતું પણ યુવાઓ સાથે કેટલાક ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત મહાનુભાવોની નિપુણતા (કૌશલ્ય) અને જ્ઞાન શેર કરવા માટેનું પણ હતું. આ માટે મોટીવેશન અને સેલ્ફ મૅનેજમેન્ટ, ફાઈનાન્સિયલ પ્લાનિંગ, હેલ્થ અને વેલનેસ, સામાજિક જવાબદારી, ઉદ્યમિતા (એન્ટર પ્રીનીયર શિપ)/ટીમ બિલ્ડિંગ એક્ટીવિટી અને ધર્મ વિષયક વક્તવ્યો માટે અતિથિ વક્તા આમંત્રિત કરાયા હતા.

યુવામિલનનું ઉદ્ઘાટન ૧૧ જાન્યુઆરી ૨૦૨૦ના બપોરે ૨.૦૦ વાગ્યે સરઘસથી શરૂ કરી નવકાર મંત્રના પઠન, દીપ પ્રજ્વલન અને જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરસી નાથાના ફોટોને માળાર્પણ સાથે કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન સમારોહના પ્રમુખ સ્થાને શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના પ્રમુખશ્રી પૂનમચંદભાઈ એલ. ધરમશી, એકમના માનદ્ મંત્રીશ્રી સતીશ દેવજી શાહ, માનાર્હ મુખ્ય અતિથિ હુબલીના શ્રી તિલકચંદભાઈ કરમચંદ વિકમશી, માનાર્હ અતિથિ નિવૃત ચીફ કમિશ્નર ઈન્કમ ટૅક્સ શ્રી તિલકચંદભાઈ કે. લોડાયા (ચેન્નઈ), શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ જૈન એકમના માનદ્ કોષાધ્યક્ષ શ્રી કીર્તીભાઈ ધનજી ધરમશી, દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના યૂથ ગવર્નર શ્રી મૂલચંદભાઈ પી. મોતા, મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા, ઉત્તર ભારત એકમના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ, કચ્છ એકમના પ્રમુખ શ્રી મહેશભાઈ લાલકા અને પોતપોતાના એકમનું પ્રતિનિધિત્વ કરનારા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના પ્રમુખ શ્રી પૂનમચંદભાઈએ મહાનુભાવોને તેમજ એકમોના બધા ડેલીગેટ્સ અને કો-ઓર્ડિનેટર્સ તથા યુવા મિલન ૨૦૨૦, ગોવામાં ભાગ લઈ રહેલા યુવાઓને સ્વાગત પ્રવચન સાથે આવકાર્યા હતા.

દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના માનદ્ મંત્રીશ્રીએ પોતાના વક્તવ્યમાં નવી કેડી કંડારનારા ઐતિહાસિક યુવા મિલનના આગામી ત્રણ દિવસના કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

**''હમ સદા આપણા યુવાઓનું ભાવી ઘડી શકીએ નહીં, પણ ભાવિ માટે યુવાઓની ઘડતર જરૂર કરી શકીએ''** - ફ્રેન્કિલન ડી. રુઝવેલ્ટ (યુએસએના એક્સ. પ્રેસિડેન્ટ)

તેમણે એમ પણ કહ્યું હતું કે આપણી જ્ઞાતિનો ભાવિ વિકાસ વર્તમાન યુવા પેઢી દ્વારા નિર્ધારિત થશે. એટલે જ્ઞાતિના યુવાઓમાં ઈન્વેસ્ટ કરવું જોઈએ જેથી કે.ડી.ઓ. જ્ઞાતિ વધુ મજબૂત વધુ સક્ષમ બની શકે.

મુંબઈ મહાજનના પ્રમુખશ્રી અને અન્ય એકમોના પ્રમુખશ્રીઓએ પણ ભાગ લેનારા યુવાઓને સંબોધિત કરતાં સ્વાગત કર્યું હતું.

ઉદ્ઘાટન કાર્યક્રમ પશ્ચાત પ્રથમ સત્રમાં શ્રી રાહુલ કપૂર જૈને બહુજ વિચારોત્તેજક અને ઝકડી રાખતી શૈલીમાં યુવાઓની આંતરિક શક્તિને પ્રજ્જવલિત કરી હતી. ઉપરાંત તેમણે જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોનું જ્ઞાન આપવાની સાથે એની વ્યક્તિના બદલાવની ભૂમિકા સમજાવી હતી. સત્રના અંતમાં સઘળા ભાગ લેનારા પ્રોત્સાહિત અને ભાવનાના ઉદ્રેકમાં તણાયેલા જણાયા હતા.

# ઐતિહાસિક યુવા મિલન ૨૦૨૦ ગોવા

વાળુ (ડિનર) બાદ ક.દ.ઓ. જૈન યુવાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આમાં એકલ (સોલો) ગીત, નૃત્ય, હાસ્ય/કોમેડી અને મીમિક્રી કલા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

રવિવાર, જાન્યુઆરી ૧૨ના રોજ સવારના ૬.૩૦ વાગ્યે બૅન્ક્વેટ હૉલમાં યોગ સત્રનું આયોજન કરાયું હતું. જેમા યોગ શિક્ષક શ્રી સુનીલ અને એમના પત્નીએ યુવાઓને પ્રશિક્ષણ આપ્યું હતું.

યોગસત્ર પશ્ચાત બ્રેકફાસ્ટ બાદ હૈદરાબાદના શ્રી ચિરાગ છેડા એ જૈન ધર્મના પાયાના સિધ્ધાંતોની આધુનિક અને સરળ સ્વરૂપે સમજણ આપી હતી.

આ સત્ર બાદ ચેન્નઈના શ્રી તિલકચંદભાઈ લોડાયાએ ''સોશ્યલ એન્ટરપેન્યરશિપ'' અંગે વાર્તાલાપ કરતાં જ્ઞાતિનું નિર્માણ કરવાની સાથે ઉપલા લેવલ પર લઈ જવામાં યુવાઓ કેવી રીતે ભૂમિકા અદા કરી શકે એમ સ્પષ્ટ કર્યુ હતું.

ભોજનકાલ પહેલાં શ્રી નીલેશ વિકમસીએ ફાઈનાન્સિયલ પ્લાનિંગ વિષયક સત્ર લેવાની સાથે સ્પષ્ટ કર્યુ હતુ કે શક્ય એટલું વહેલું રોકાણ અને નાણાંકીય આયોજન કરવાના મહત્ત્વપર ભાર મૂક્યો હતો. તેમણે આ ઉપરાંત તેમણે 'સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ અને પ્લાનિંગ' સાથે એમાં 'શું કરવું અને શું ન કરવું' અંગે ટિપ્સ આપી હતી. આ યુવાઓ માટે ખૂબજ જ્ઞાનવર્ધક સત્ર પૂરવાર થયું હતું.

લંચ પશ્ચાત અબુધાબીના શ્રી મનીષ લોડાયાએ 'કૉર્પોરેટ ઈથોર્સ' (કૉર્પોરેટ એટીટ્યૂડ, પ્રવૃત્તિઓ અને ધારણાઓ) અંગેની વર્કશોપમાં કૉર્પોરેટ વિશ્વમાં સફળ થવાની જરૂરિયાતો સમજાવી હતી. સિલેક્શન અને રજિસ્ટ્રેશનના માધ્યમથી ૪ ટીમ કરાઈ હતી. આ ટીમોએ મૂલ્યો, સંસ્કૃતિ, પ્રદર્શન સંબંધી વિચારો પ્રસ્તુત કરવા માટે અનેક રાઉન્ડ યોજવામાં આવ્યા હતા. જેના નિર્ણાયક ચેન્નઈના શ્રી તિલકચંદભાઈ લોડાયા અને શ્રી દિલીપ નાગડા (મુંબઈ) રહ્યા હતા. વિજેતા ટીમને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

સંધ્યાકાળે શ્રી દિલીપભાઈ નાગડાએ શ્રધ્ધા વિશ્વાસ (બિલીફ)ની શક્તિ અંગે ચર્ચા કરી હતી. તમે જે પામવાનું ઈચ્છતા હો તે 'વિશ્વાસ-શ્રધ્ધાની શક્તિ' દ્વારા કઈ રીતે પામી શકાય એની વાત માંડી હતી. તેમણે અનેક પ્રખ્યાત વ્યક્તિઓ તેમજ પોતાના વ્યક્તિગત અનુભવોનો ઉલ્લેખ કર્યો હતો.

ડિનર બાદ ડાંડિયા અને ગરબાનો કાર્યક્રમ હતો. યુવાઓએ રંગ બેરંગી પરિધાનોમાં સજ્જ થઈ ઉત્સાહથી ભાગ લીધો હતો. સંગીત અને નૃત્યની છાયામાં સમગ્ર પરિસર જીવંત થઈ ઉઠ્યું હતું.

સોમવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૨૦ની સવાર યોગ અને રમતગમતના સત્ર સાથે શરૂ થઈ. આ એક અલગ જ પ્રકારની ઈવેન્ટ હતી જેમાં બધાજ ૪૦૦ ઉપરાંત યુવાઓએ બીચ પર યોગ અભ્યાસ કર્યો હતો. એ નિસંદેહ નયનરમ્ય દશ્ય હતું.

નાસ્તા બાદ માઈન્ડ ફુલનેસ કોચ શ્રી નિખિલ ચઢ્ઢાના સત્રનો પ્રારંભ થયો જેમાં તેમણે રોજ બરોજના જીવનમાં માઈન્ડ ફુલ (સતર્ક - સાવધાન) રહેવાની ટેક્નીક શિખવી હતી. સાથે તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે ઊભા રહેવાથી માંડી ખાવા પીવા, બોલવા વગેરેમાં જે કાંઈ પણ કરીએ તેમાં સાવચેત રહેવાથી આપણી જિંદગીની ગુણવત્તામાં નોંધ પાત્ર સુધાર થાય છે.

આગામી સત્ર હેલ્થ સંબંધી હતું આમાં ડૉ. રઝાકએ સમજાવ્યું હતું કે આપણી આસપાસમાં કોઈને હૃદયરોગનો હુમલો આવે તો તેનું જીવન કઈ રીતે બચાવવું ? એમાં સીપીઆરની ટેક્નીકનો ઉપયોગ કેમ કરવો તે પણ સમજાવ્યું હતું.

ડૉ. રઝાકના સહાયકે એની વિધિનું ડેમોસ્ટ્રેશન આપ્યું હતું તથા 'એઈડી' કિટનો ઉપયોગ કરી રોગીને બચાવવાની વિધિનું પણ ડેમોસ્ટ્રેશન કર્યુ હતું. કેટલાક સહભાગી યુવાઓને મંચ પર બોલાવવામાં આવ્યા હતા અને તેમને એ પ્રક્રિયા અજમાવવાનું આવાહન કરવામાં આવ્યું હતું. આ સેસન બધા માટે ખૂબ જ ઉપયોગી થયો હતો. એના પછી શ્રીમતી મનીષા સી. પોલડીયાએ મેડીકલ ઈન્સ્યોરન્સની ચર્ચા માંડતા એની અનિવાર્યતાની વાત કહી અને પરિવાર માટે એનું મહત્ત્વ સમજાવ્યું હતું.

લંચ પશ્ચાત છેલ્લું સેસન પ્રો. નંદિની વૈદ્યનાથનનું હતું. જેમાં તેમણે નવા આઈડીયા માટે સ્ટેપ બાય સ્ટેપ બિઝનેસ પ્લાનની રચના કરવા અંગે સમજાવ્યું હતું. આથી યુવાઓને નવા ઉધમને શરૂ કરવા માટે કઈ કઈ બાબતો સમજવી જરૂરી છે અને શેની જરૂર પડશે. આથી ભાગ લેનારાઓને વ્યાપાર શરૂ કરવા માટેની જરૂરી બાબતો સમજવા મળી.

સાંજના સમાપન સમારોહ યોજાયો જેમાં શ્રી હંસ બી. ખીમજી મુખ્ય અતિથિ હતા જ્યારે પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રી ડૉ. હીરાચંદભાઈ દંડ અને શ્રી તરૂણભાઈ આર. લોડાયા વિશેષ આમંત્રિત અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. એ પછી દાતાઓના અભિવાદનનો કાર્યક્રમ યોજાયો. આમાં કેટલાક સહભાગી યુવાઓએ પણ આયોજન અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા તથા આયોજનની પ્રશંસા કરી હતી.

અભિવાદન સમારોહ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન હતું. જેમાં ગ્રુપ ડાન્સ હરિફાઈ, સ્કિટ્સ, સેન્ડઆર્ટ તથા વિવિધ આઈટમ વગેરે જૂદા જૂદા એકમો તરફથી આવેલા યુવાઓએ રજુ કર્યા હતા. પહેલા દિન સહિત બધા વિજેતાઓને પ્રાઈઝ એનાયત કરાયા હતા. આ

# ઐતિહાસિક યુવા મિલન ૨૦૨૦ ગોવા

પુરસ્કાર ઉજ્જૈનના શ્રી તરૂણભાઈ લોડાયા દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યા હતા.

અંતિમ દિન - ૧૪ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બ્રેકફાસ્ટ પશ્ચાત ભાગ લેનારા યુવાઓનો વિદાય સમય આવી ગયો. તેમને ક્રુઝ રાઈડ દ્વારા પણજી લઈ જવાયા. ગોવા મહાજન તરફથી ક્રુઝમાં સ્વાદિષ્ટ લંચનું આયોજન કરાયું હતું. ભાગ લેનારા અને આયોજકો માટે એ આનંદ ઉત્સવનો સમય થઈ પડ્યો. સંગીત નૃત્ય અને નેટવર્કિંગની હૃદયવિભોર હેલીઓ હતી. ક્રુઝના અંતે તેમને રેલ્વે સ્ટેશને પહોંચાડવામાં આવ્યા. આમ એક યુવા મિલન - આનંદ મિલનની ઘડીનો અંત આવ્યો. દરેકે દરેક પોતાની સાથે આયોજનની અવિસ્મરણીય યાદગીરી સાથે વિદાય થયા જે તેઓ વરસોના વરસ વાગોળતા રહેશે.

એકમના પ્રમુખશ્રી પુનમચંદભાઈ એલ. ધરમશીએ સંપૂર્ણ આયોજનના માર્ગદર્શન, સપોર્ટ અને સુપરવિઝનનો સંપૂર્ણ જવાબદારીભર્યો ભાર ઉપાડ્યો હતો.

પ્રમુખશ્રીની કોર ટીમમાં તેમના સહિત સતીશ દેવજી શાહ, કીર્તીભાઈ, મુલચંદભાઈ અને મિતેશભાઈ ખડે પગે દરેક પ્રવૃત્તિના અમલ પર નિગરાની રાખી રહ્યા હતા.

કન્સેપ્ટ, વિષયોની પસંદગી અને ઈવેન્ટની અંમલ બજાવણીને કુનેહપૂર્વક પાર પાડવામાં સેક્રેટરી શ્રી સતીષભાઈ અને એમના સહસચિવ મિતેશભાઈ પી. લોડાયા ખૂબજ સફળ રહ્યા હતા.

રિસોર્ટ તથા અન્ય સ્થળોએ રૂમોની ફાળવણી તથા ઈવેન્ટ પૂર્વ અને પશ્ચાતની કામગીરી સ્વાગત વિભાગ દ્વારા સારી રીતે પાર પાડવામાં દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના યૂથ ગવર્નર શ્રી મુલચંદભાઈ પી. મોતા અને તેમની ટીમના સભ્યગણ શ્રી શરદભાઈ મોમાયા અને વડોદરાના ચંદ્રેશભાઈ નાગડાએ બહુજ સુંદર કામગીરી બજાવી હતી.

એક વિશેષ બાબત, આહાર વિભાગની વ્યવસ્થાની જવાબદારી દક્ષિણ ભારત એકમના કોષાદયક્ષ શ્રી કીર્તિભાઈ ધરમશી અને બીજા જોઈન્ટ સેક્રેટરી શ્રી ભરતભાઈ ધરમશીએ સારી રીતે નિભાવી હતી.

બધાજ અભ્યાગતો, મહાનુભાવો, વક્તાઓ, મુખ્ય અતિથિઓ, વિશિષ્ટ અતિથિઓ અને પ્રતિનિધિઓની ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા એકમના કમિટી મેમ્બર શ્રી સંજીવ સોની, રાજેન્દ્રભાઈ ડી. શાહ અને ગોવાના શ્રી પિયુષભાઈએ બધીજ જરૂરતોને ધ્યાનમાં રાખી કુનેહપૂર્વક પાર પાડી હતી.

મેડીકલ ઈમરજન્સી વિભાગની વ્યવસ્થા જોઈન્ટ સેક્રેટરી શ્રી ભરતભાઈ ધરમશી અને ગોવાના શ્રી પિયુષભાઈએ સંભાળી હતી. કેટલાક ભાગ લેનારાને પરફોર્મેન્સ દરમિયાન ઈજા થતાં તેમની સારસંભાળ આ બંને મહાનુભાવોએ દક્ષતાપૂર્વક હાથ ધરી હતી.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિભાગની વ્યવસ્થા મિતેશભાઈ પી. લોડાયા અને શ્રી રાજેન્દ્રભાઈ દેવજી શાહના દક્ષ સંચાલનમાં સુચારૂ રહી હતી.

મંચ સંચાલનની કામગીરી કુ. ધરણી મોતા અને શ્રી હીકેત આર. શાહએ કુશળતા પૂર્વક પાર પાડી. તેમણે પાર્ટીસિપન્ટ્સનો મૂડ સમગ્ર કાર્યક્રમ દરમિયાન જાગૃત અને ઉત્સાહથી છલકતો રાખ્યો હતો.

ગ્રાઉન્ડ વર્ક અને ફોલોઅપની જવાબદારી દક્ષિણ ભારત ક.દ.ઓ જૈન એકમના મેનેજર શ્રી દેવરૂ ભટ્ટ અને આસ્ટી. મેનેજર શ્રી વેન્કટેશ અથ થી ઈતિ સુધી પ્રશંસનીય રીતે નિભાવી હતી.

સેન્ટર સ્ટેજ ઈવેન્ટ ઓર્ગેનાઈઝરના વડા કુ. માનસા અને તેમના સહયોગી દીપક તથા અન્યોએ આ નવી કેડી કંડારનારા અદ્વિતીય આયોજનના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ શાનદાર રીતે પાર પાડ્યું હતું.

એકમના કમીટી મેમ્બર હેમા બહેને બધાજ મહાનુભાવો, વક્તાઓ અને દાતાઓ માટે સ્મૃતિ ચિહ્ન (મોમેન્ટો) પસંદ કરી સહુની પ્રશંસા મેળવી હતી.

અહી સ્મરણોચિત છે કે બડગરાના શ્રી અભયભાઈ બાઈક ઓલ્ડ એન્કર રિસોર્ટની મેનેજમેન્ટ માટેની પહેલી મુલાકાત વખતે અમારી સાથે જોડાયા હતા.

ખાસ તો ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોવાની સમગ્ર ટીમ શ્રી પીયુષભાઈના વડપણ હેઠળ ક્રુઝ ઍરેંજમેન્ટ ઉપરાંત યુવા મિલન ૨૦૨૦ના કાર્યક્રમના પ્રી અને પોસ્ટ આવાસીય અને ભોજનની ત્રુટી હીન વ્યવસ્થામાં ખૂબજ મદદરૂપ રહ્યા હતા.

દરેક આયોજનના મુખ્ય આધાર એવા નાણાંકીય આયોજનની વાત ખૂબ જ મહત્ત્વની રહે છે. આ ઈવેન્ટ માટે રૂા. ૪૫ થી ૫૦ લાખના ખર્ચનો અંદાજ રાખવામાં આવ્યો હતો જો કે આયોજનના ખર્ચનો આંકડો એકંદરે રૂા. ૪૪ લાખની મર્યાદામાં રાખવામાં સફળતા સાંપડી હતી.

ઈવેન્ટનો મુખ્ય ફાળો સ્પોન્સર - આયોજક શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમનો રહ્યો હતો. જ્યારે અન્ય એકમો, મહાજનો અને વ્યક્તિગત દાતાઓ પાસેથી રૂા. ૨૩ લાખ જેવી રકમ ડોનેશનરૂપે મેળવવામાં આવી હતી. આ સિવાય રૂા. ૪ લાખ રજિસ્ટ્રેશન ફી તરીકે પાર્ટીસિપેન્ટ્સ પાસેથી મેળવાયા હતા.

આ તકે અમે ઈવેન્ટને ખૂબજ સફળ અને અવિસ્મરણીય બનાવવા માટે ઉદાર હૃદયે ફાળો આપવા માટે સહુનો આભાર માનીએ છીએ.

**શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ**



SINCE 1982

LagnaDeep
STUDIO

પ્રસ્તુત કરે છે

બ્રાઇડલ લેહંગા અને રિસેપ્શન બ્રાઇડલ
ગાઉન્સ માટે એક વિશિષ્ટ સ્ટુડિયો

મિસ થી મિસિસ બનવાના તમારા પ્રવાસમાં
ઝગમગાટ અને ચળકાટ ઉમેરવા

**વિશિષ્ટ પાનેતર ઉપલબ્ધ**

022 2568 0806

@lagnadeepstudio

લગ્નદીપ સ્ટુડિયો, બી / 15 જલારામ આશિષ દેવીદયાલ રોડ,
રાજ હોસ્પિટલની સામે મુલુંડ વેસ્ટ
મુંબઇ 400080


**પરબ**
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

## પરબનું આગામી આકર્ષણ
## ''અનન્યા''
## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી ઉજવણી

પોતાની ઝળહળતી સિધ્ધિઓથી
પિયર-શ્વસુર બન્ને કુળને દીપાવનારી
કુળઉજ્જવલા
પુત્રીઓ અને પુત્રવધૂઓની સરાહના
સાથે
રાગા પિયાનિસ્ટ
**દિપક શાહ અને તેમના ગ્રુપ**
દ્વારા
બોલીવુડના સદાબહાર અને સમકાલીન
ગીતોનું સુમધુર નવસર્જન

**શુક્રવાર, તા. ૦૬/૦૩/૨૦૨૦**
સમય : બપોરે ૪.૩૦ કલાકેથી
**સ્થળ :**
**કાલિદાસ સભાગૃહ,**
મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.

**❖ ડોનર્સ પાસ માટે સંપર્ક ❖**

**93222 80529**
**98209 66966**
**98206 00089**

# યુવા મિલન – ૨૦૨૦ના ગોવા ખાતે આયોજન પ્રસંગે તા. ૧૩–૧–૨૦૨૦ અનેક યુવાનો સાથે મુલાકાત થઈ અને તેમણે તેમના વિચારો જણાવ્યા.



પ્રિયાંક અમિત લોડાયા, રવા – અંકલેશ્વરથી મિત્રોને મળવા અને મોજ કરવા, હરિશ મોમાયા, વરાડીયા – અંકલેશ્વરથી પોતાના પિતરાઇ ભાઇઓની ભલામણથી તથા ધ્રુવ નયન મોમાયા, વરાડીયા – અંકલેશ્વરથી પોતાના મિત્રોને મળવા અને નવા મિત્રો બનાવવા આવ્યા હતા.

ડિમ્પલ પરેશ નાગડા, જખૌ – હુબલીથી પોતાનું મિત્ર વર્તુળ વધારવા સંપર્ક વિકસાવવા, અક્ષય લક્ષ્મીચંદ મોમાયા, સાંયરા – હુબલીએ અગાઉના આવા સંમેલનોમાં ભાગ લીધો છે અને આ વખતે પોતાનું મિત્ર વર્તુળ અને સંપર્ક સ્ત્રોત વધારવા તથા ગૌરવ મનિષ ખોના, નલીયા – હુબલીથી પણ પોતાના મિત્રોને મળવા અને સંપર્ક વધારવા આવ્યા હતા.





જિગર પંકજ દંડ, લાલા–આદિપુરથી સંપર્ક સેતુ વધારવા, નિરાલી મહેશ લાલકા, વારાપધર–આદિપુરથી જ્ઞાતિજનો સાથે પરિચય અર્થે, હર્ષ ભદ્રેશ લાલકા, વારાપધર–આદિપુરથી પોતાના વ્યવસાય અને સંપર્ક સેતુ વધારવા, જય નરેન્દ્ર ખોના, સાંધવ–ગાંધીધામથી નવી જાણકારી મેળવવા અને નવા મિત્રો બનાવવા, અંકિત રાજેશ મૈશેરી, લાલા–આદિપુરથી લોકો સાથે વાર્તાલાપ કેળવવા અને સંદેશા વ્યવહારની કળા શીખવા અને સંપર્ક સેતુ વધારવા આવ્યા હતા.

કૃણાલ શરદ ધરમશી, જખૌ–ડોંબીવલીથી નવા મિત્રો બનાવવા, પ્રેરણા મોનેશ ધરમશી, સુથરી–મસ્જિદબંદરથી યુવા સંમેલનની જાણકારી મેળવવા તેણી એ પ્રથમ વખત યુવા સંમેલનમાં ભાગ લીધો.

હાર્દિક દિલીપ લોડાયા, સાંયરા–ઇંદોર, એ ત્રીજી વખત યુવા સંમેલનમાં ભાગ લીધો છે. આ વખતે નવા મિત્રો બનાવવા માટે આવ્યા હતા.

– ડૉ. હિરાચંદ દંડ





।। જય ચક્રેશ્વરી માતા ।।  ।। નમો નમ: શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમ: ।।  ।। જય પદ્માવતી માતા ।।

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવિન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરીભ્યો નમ:

# રંગપુર નગરે – શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે

## ૩૧મી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ

## સસ્નેહ નિમંત્રણ

શ્રી રંગપુર નગરે, શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે, **૩૧મી ધ્વજારોહણ, સ્નાત્ર પૂજા, અઢાર અભિષેક તથા સત્તરભેદી પુજા મહોત્સવ તા. ૧ મે ૨૦૨૦ થી ૦૩ મે, ૨૦૨૦** દરમ્યાન ખૂબજ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવાશે.

શ્રી સંઘના પુણ્યોદયે શ્રી સંઘ વતી ૩૧મી ધ્વજા મહોત્સવ દરમ્યાન મુખ્ય શિખર ગંભારામાં મુળનાયકની ધ્વજાનો તેમજ તા. ૦૩-૦૫-૨૦ની સાધર્મીક ભક્તિનો મંગલકારી લાભ **માતુશ્રી નિર્મળાબેન જેઠાલાલ લાલજી ધરમશી પરિવાર (રંગપુર-મુલુંડ) હ. અ.સૌ. મીના અજય તથા અ.સૌ. ઉર્વિ દીગંત અને સંયમ અજય ધરમશીએ** લાભ લીધો છે.

**વૈશાખ સુદ ૯ ને શુક્રવાર, તા. ૧ મે, ૨૦૨૦ના સવારના ૯.૦૦ કલાકે સ્નાત્ર પૂજા ભણાવવામાં આવશે.** આ પ્રસંગે હાજર ગામવાસી જ્ઞાતિજનોને તેમજ નિયાણીબહેનોના પરિવારને **૧૮ અભીષેકના ચડાવા** નીચે મુજબ ઉછામણીથી રાત્રે ભાવના દરમ્યાન આપવામાં આવશે.

**૧. મુળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાનો અભિષેક**
**૨. ગંભારામાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન**
**૩. ગંભારામાં શ્રી મુનીસુવ્રતસ્વામી ભગવાન**
**૪. ૧લે માળે મુળનાયકશ્રી મહાવીરસ્વામી ભગવાન**
**૫. ૧લે માળે શ્રી આદિનાથ ભગવાન**
**૬. ૧લે માળે શ્રી અનંતનાથ ભગવાન**
**૭. રંગમંડપમાં મહાકાળી માતાજી**
**૮. રંગમંડપમાં ચક્રેશ્વરી માતાજી**
**૯. રંગમંડપમાં પદ્માવતી માતાજી**
**૧૦. રંગમંડપમાં પાર્શ્વયક્ષ**
**૧૧. રંગમંડપમાં શાંતિનાથ ભગવાન**



**ધ્વજાના નીચે મુજબના ચડાવા સતરભેદી પૂજા દરમ્યાન લેવામાં આવશે.**

| | | |
|---|---|---|
| **૧. રંગ મંડપની ધ્વજા** | **૨. પૂર્વ ચોકીયારાની ધ્વજા** | **૩. પશ્ચિમ ચોકયારાની ધ્વજા** |
| **૪. ઉત્તર ચોકીયારાની ધ્વજા** | **૫. ગુરૂમંદિરની ધ્વજા** | **૬. સુર્ય દર્શન** |
| **૭. ચંદ્ર દર્શન** | **૮. આરતી ૧૦૮ દિવાની** | **૯. મંગળ દીવો વગેરે** |

**વૈશાખ સુદ ૧૦ ને શનીવાર, તા. ૨ મે, ૨૦૨૦ના બપોરના ૩.૦૦ કલાકે મહામંગલકારી અઢાર અભિષેક અને**

**વૈશાખ સુદ ૧૧, રવિવાર તા. ૩ મે, ૨૦૨૦ ના સવારના ૮.૦૦ કલાકે સત્તરભેદી પૂજા** ભણાવવામાં આવશે. પૂજાનો લાભ ધ્વજાના લાભાર્થી પરિવારોને અને હાજર અન્ય દાતા પરિવારોને આપવામાં આવશે. ત્રણે દિવસ નવકારશી, બપોરનું જમણ, ચા-પાણી અને સાંજનો ચોવિહાર શ્રી સંઘ તરફથી રહેશે.

આ પ્રસંગે **વિધિ વિધાન માટે જામનગરના શ્રી વિક્રમભાઈ મહેતા અને સાથી કલાકારો** પધારશે.

આ પ્રસંગે આપ સર્વે રંગપુર ગામવાસીઓ નિયાણી બહેનો તેમજ સગાવહાલા સાથે પધારવા શ્રી સંઘ વતી ભાવભર્યું નિમંત્રણ છે. આવતા વર્ષની **ધ્વજાનો નકરો રૂા. ૧૧,૦૦૦/-** તથા **સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૧૫,૦૦૦/-** રાખવામાં આવેલ છે. જે ભાગ્યશાળીને ૩૨મી ધ્વજાનો લાભ લેવો હોય તે નામ નોંધાવી શકે છે અને ધ્વજાના દિવસે નામ જાહેર કરવામાં આવશે.

ભોજનશાળામાં ફોટો યોજનામાં નામ લેવાના ચાલુ છે. ફોટો યોજનાનો નકરો **રૂા. ૧૦,૦૦૦/-** અત્યાર સુધીમાં ૧૩૦ ફોટાઓ લાગી ગયા છે. હજી પણ યોજનામાં જેને પણ લાભ લેવો હોય નામ આવકાર્ય છે.

ભોજનશાળામાં કાયમી નિભાવ ફંડમાં નામ આવકાર્ય છે. **રૂા. ૨૫,૦૦૦/-** થી ઉપર દાન આપનારની નામની તકતી લગાડવામાં આવશે. આ શુભ પ્રસંગે આપ સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી રંગપુર સંઘની આન, બાન, શાનમાં વધારો કરશો.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
**શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખશ્રી) તથા સર્વે ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર !**

UPASANA - 9820167767

## પુણ્યનો સદ્ઉપયોગ

આ દુનિયામાં મળતી ચારગતિમાંથી મનુષ્ય ગતિજ એવી છે જે બહુજ મહેનતથી મળે છે અને એને બચાવવા પણ બહુજ મહેનત કરવી પડે છે. ફક્ત આ ગતિમાંથી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે. પાપ અને પુણ્યના સહારે માણસ મોક્ષ ગતિ પ્રાપ્ત કરે છે. આને જ આધારે માણસના જીવનની રાહ નક્કી થાય છે. એના સંજોગો, સ્થિતિ, એનો સ્વભાવ, સબંધો, ગમા-અણગમા, સુખ-દુઃખ વગેરે બધું પાપ અને પુણ્ય ઉપર જ અવલંબિત હોય છે. એના ભૂતકાળના પાપ-પુણ્ય ઉપર એનું વર્તમાન અને એના વર્તમાનના પાપ-પુણ્ય ઉપર એના ભવિષ્યની પ્રગતિ નક્કી થાય છે.

કહેવાય છે ને કે સુખમાં માણસે છકી ન જવું અને દુઃખમાં ગભરાઇ ન જવું. માણસના મનનું સમતોલન એને ઘણા બધા પાપ-પુણ્યના ફેરામાંથી બચાવી શકે છે.

જીવનમાં આવતા સારા તથા નરસા દિવસોમાં પણ જો માણસ પ્રમાણિકતા, સારપ, ન્યાય, નિતિ જેવા સદ્ગુણોને પોતાનામાં ટકાવી શકે અને એને વારેઘડિયે સંજોગ પ્રમાણે એનો ઉપયોગ કરી શકે તો ખરેખર સોનામાં સુગંધ ભળે. જીવનનો મુખ્ય આધાર તો સારા સદ્ગુણો નો ઉપયોગ કરવો એજ છે.

માણસે તો પોતાને મળેલ સંજોગો, પરિસ્થિતિ સબંધો, પૈસો, કિર્તી, નામના વગેરેનો સદ્પયોગ જ કરવો રહ્યો અને દરેકને તકલીફમાં બને તેટલી મદદ કરવી રહી. હમેશાં બીજાની પ્રગતિ અને બીજાના સુખ સગવડતાનું ધ્યાન રાખવામાં જ પોતાનું ભલું છે.

આપણી પાસે જે છે તે બધું જ અહીં રહેવાનું છે. પછી દરેક વસ્તુઓનો મોહ શું ? જેટલા પ્રમાણમાં આપણે આપણા રીર્સોસીઝ નો સદ્ઉપયોગ કરશું તેટલું જ આપણું ભલું થશે. પુણ્યના પ્રતાપે મળેલા આ જીવનને નવજીવનમાં રૂપાંતિત કરવામાં જ લાગી જીવ અને જીવનના દરેક દરેક પલ ને બીજાના સુખ, આનંદ અને સમૃધ્ધિમાં ખરચતા જાવ, કોને ખબર ક્યા પ્રયત્નો કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય !!!

– **જયકાંત મોતા,** ઘાટકોપર-તેરા, 9819628382

## મુમુક્ષુ કુ. મોનિકાબેન (સીએ)નો અતુલ્ય ભગવતી દીક્ષા મહોત્સવ



મુમુક્ષુ કુ. મોનિકાબેનની ભગવતી દીક્ષાનો ત્રિદિવસીય મહોત્સવ મહારાષ્ટ્રના ચાલીસગામ નગરે ભારે હર્ષોલ્લાસથી યોજાયો હતો. તા. ૧/૨/૨૦૨૦ના રોજ સમાપન પામેલા આ મહોત્સવમાં આગમ દિવાકર આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા. દ્વારા મુમુક્ષુ કુ. મોનિકાબેનને પ્રવજ્યા પ્રદાન કરવામાં આવી હતી.

પ.પૂ.સાધ્વી શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા મહાપ્રજ્ઞાશ્રીજના શિષ્યત્વમાં મોનિકાબેનને દીક્ષા નામ માર્ગદર્શિતાશ્રીજી નિર્ધારિત કરાયું છે.

મૂળ કચ્છ તેરાના હાલ રાયપુર (છ.ગ.) નિવાસી પ્રભાબેન મહેન્દ્ર પાનાચંદ લોડાયાના દીકરી કુ. મોનિકાબેન સીએ છે. અને તેમણે આત્મોધ્ધારની લાગણી દ્રઢ થતાં પ્રવજ્યા લેવાનો નિર્ણય કર્યો હતો જે સમગ્ર પરિવાર દ્વારા સોત્સાહ સ્વીકાર કરવામાં આવ્યો.

ચાલીસગામ નગરે આ પ્રવજ્યા પ્રયાણોત્સવ સર્વપ્રથમ તો છે જ, ખાનદેશ વિસ્તારમાં પણ પ્રથમ છે.

**પ્રકાશ સમીક્ષા તરફથી સફળ દીક્ષાપર્યાય માટે શુભેચ્છા.**

### જાગો, કલ્પવૃક્ષ ગ્રાહક જાગો

કલ્પવૃક્ષ સ્કીમમાં જેમણે પૈસા રોક્યા હોય, એના ઓરિજિનલ સર્ટીફિકેટ તમારી પાસે હોય તો દિલ્હીમાં જે કેસ ચાલી રહ્યો છે તેમાં જોડાવા માટે તમને એક તક આપવામાં આવેલ છે. રેફીએશન કમિશન દ્વારા ૨૦-૧૧-૨૦૧૯ના પલ્બીક નોટીસ આપવામાં આવી છે. જાહેરાતનો હેતુ : કોઇ કારણસર તમારો ક્લેઇમ રહી ગયેલ હોય તો તમને એક તક આપવાનો છે. તમારે કોઇ કોર્ટ કેસનો ખર્ચ આપવાનો નથી એમ શ્રી ચંદ્રહાસ ખોનાએ જણાવ્યું છે.

વધુ વિગત માટે વોટ્સએપ નં. **90043 92460.** – **લક્ષ્મી ખોના**

## શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયા પંદરમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

સહર્ષ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી સચ્ચામાની અસીમ કૃપાથી તેમજ આપ સહુના સાથ સહકારથી મુંબઇ નગરે કુળદેવી શ્રી સચ્ચામાની **પંદરમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન**નું આયોજન કરેલ છે.

**શુભ દિવસ :**
**રવિવાર, તા. ૨૪-૫-૨૦૨૦**
જેઠ સુદ ત્રીજ

**શુભ સ્થળ :**
**જૈનમ ક્લાસીક એસી હૉલ,**
ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૭૮.

**શુભ સમય :**
સવારે ૮.૩૦ થી
સાંજે ૮.૩૦ કલાકે

**આ સંપૂર્ણ પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર**

### માતુશ્રી લીલાવંતી જીવરાજ મેઘજી દંડ પરિવાર (સેવક ભરૂડિયા-મુલુંડ)
### હસ્તે અ.સૌ. ચંદનબેન નેમચંદ જીવરાજ દંડ

આ પાવન પ્રસંગે કુળદેવી શ્રી સચ્ચામા ને નમતા સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યું આમંત્રણ છે. આપ સૌ સાથે મળીને પ્રેમથી ઉત્સાહથી આ શુભ પ્રસંગને ભક્તિ ગીત તથા રાસ ગરબાની રમઝટ સાથે શોભાવવાનું છે.

**એજ લિ. શ્રી સચ્ચામા દંડ પરિવાર કાર્યકર ગણ :** મયુર સુરેશ દંડ - 9819663555

| | | |
|---|---|---|
| અમિત ગિરીશ દંડ - 9987557598 | પંકજ પ્રવીણ દંડ - 9004841222 | નિલેશ ધનકુમાર દંડ - 9821402770 |
| ચેતન પ્રવીણ દંડ - 9821350952 | વિકાસ ધનકુમાર દંડ - 9167235061 | મયુર વિનોદ દંડ - 9619666111 |

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેન, દીકરીઓના સરનામાં તથા ફોન નંબર બદલાયા હોય અથવા નિમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરના કાર્યકરોને જાણ કરવા વિનંતી. **|| શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી ||**

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

### શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯
ઈ-મેઇલ : anantnathtrust@gmail.com

## નોકરી ખાલી છે

### આસિસ્ટન્ટ સેક્રેટરી
### ની નિમણૂક કરવાની છે.

ગ્રેજ્યુએટ, ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી. કમ્પ્યુટરનું જ્ઞાન તથા ધાર્મિક/સામાજિક સંસ્થામાં કામ કરવાનો અનુભવ વધારાની લાયકાત ગણાશે.

અરજદારોએ સ્વ-હસ્તલિખિત અરજી (અપેક્ષિત પગાર સહિત) બાયોડેટા સાથે ટપાલ/કુરિઅરથી અને ઇ-મેઇલથી ઉપરોક્ત સરનામે/ઇ-મેઇલ ID પર મોકલવી.

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**
(રજી.નં. એ/૨૮૯૮ (મુંબઇ) તા. ૧૯-૧૧-૧૯૬૯)
ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ બી, કેશવજી નાયક રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

### સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મહોત્સવ

શ્રી સંઘના ઉપક્રમે સંવત ૨૦૭૬ના વૈશાખ સુદી ત્રીજ (અખાત્રીજ) શનિવાર, તા. ૨૫-૦૪-૨૦૨૦ના રોજ અચલગચ્છીય વર્ષીતપ આરાધકોના સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા શ્રી કે.જે. સોમૈયા ગ્રાઉન્ડ - ચુનાભટ્ટી મુંબઇ મધ્યે યોજાએલ છે. સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાએલ ચતુર્વિધ સંઘના સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મહોત્સવમાં જોડાવા અચલગચ્છીય તપસ્વી આરાધકોને ભાવભર્યું આમંત્રણ છે. પારણા મહોત્સવમાં જોડાવા ઇચ્છુક આરાધકે નિયત ફોર્મમાં વિગત ભરી નીચેના સ્થળોએ આપવા નમ્ર વિનંતી.

૧. શ્રી સંઘ કાર્યાલય – ચીંચબંદર મુંબઈ
૨. શ્રી અનંતનાથ જિનાલય – કાથાબજાર – મુંબઈ
૩. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય – ઘાટકોપર (પૂર્વ)
૪. શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર–ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)
૫. શ્રી સુમતીનાથ જૈન દેરાસર – મુલુંડ (પૂર્વ)
૬. શ્રી સુવિધિનાથ જિનાલય – ડોંબીવલી (પૂર્વ)
૭. શ્રી મુનીસુવ્રતસ્વામિ જિનાલય – વાશી – નવી મુંબઈ
૮. શ્રી મલ્લિનાથ જિનાલય – જોગેશ્વરી (પૂર્વ)
૯. શ્રી મુનીસુવ્રત સ્વામિ જિનાલય – નાલાસોપારા (પૂર્વ)

સર્વે વર્ષીતપ આરાધકોને વંદન કરી શાતા પૂછીએ છીએ. આપ સૌ તપસ્વીઓ શાતામાં હશો.

**લિ. શ્રી સમૂહ વર્ષીતપ પારણા સમિતિ (શ્રી હરખચંદ ખીમજી ગંગર) કન્વીનરશ્રી**

એક જ્ઞાતિજન ટ્રસ્ટીએ મને રૂા. ૧ લાખની વગર વ્યાજની શૈક્ષણિક લોન એક સંસ્થામાંથી અપાવવામાં બહુજ મદદ કરી હતી. એક દિવસ તેઓશ્રીએ અમદાવાદમાં પોતાના ભાઇના ઘરે મને મારી શૈક્ષણિક પ્રગતિની જાણકારી મેળવવા રૂબરૂ બોલાવ્યો હતો. અને શૈક્ષણિક પ્રગતિ સાથે મારી દિનચર્યાની પણ તપાસ કરી. એમને મેં જણાવ્યું કે મારો દરરોજનો ખર્ચો રૂા. ૩૦ થી ૪૦ હતો. મેં એમને એ જણાવ્યું ન હતું એ હું ઘણીયે વખત મારૂં દિવસનું અથવા રાતનું ભોજન થોડા પૈસા બચાવવા ગુપચાવી જતો હતો. તેઓ એ વાતની ખબર હતી કે મને સવારના નાસ્તાનો ખર્ચો પોસાય એમ ન હતો.

એમણે મને રૂા ૧૦,૦૦૦/- તરતજ કાઢીને આપ્યા અને કહ્યું કે ખૂબજ ભમજે અને સારી રીતે દરરોજ જમજે અને એમણે મને રાત્રિ ભોજન કરાવ્યા બાદ જવા માટે રજા આપી. આ દિવસની સાંજ હું ક્યારે પણ ભૂલી નહીં શકીશ. એમણે મારી પાસેથી પહેલાં રૂપિયા પણ પાછા નથી માંગ્યા. એમનું નામ હું અહીંયા નથી આપતો, કારણ કે એમને નહીં ગમે બાપા તમારો ખૂબ ખૂબ આભાર. તમારી અપેક્ષા પ્રમાણે હું મારૂં અને મારા કુટુંબનું જીવન ધોરણ રાખવામાં સફળ થયો છું.

– **હિતેશ દંડ**, મો. 93269 57464




શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ વડોદરાના પ્રમુખ તરીકે ૨૦૦૫માં શ્રી મુકેશ માણેકજી લોડાયાએ પસ્તી દાનની યોજના કરી હતી અને ૨૦૧૧ સુધી મંડળના પ્રમુખ તરીકે સેવા આપી હતી. મંડળનું બેન્કમાં અલગથી ખાતું ખોલાવી જમા રકમની ફીક્સ ડીપોઝીટ કરાવી હતી. મંડળના નિયમ પ્રમાણે ૪૫ ની ઉંમર થતાં શ્રી મુકેશભાઈએ રાજીનામું આપતા ૨૦૧૧ થી ૨૦૧૫ સુધી શ્રી વિપેશ લાલજી પાનપરીયાએ મંડળના પ્રમુખપદે રહી ઉપરોક્ત પસ્તી દાન યોજના ચાલુ રાખી હતી તથા તેમના હસ્તે પણ બીજી ફીક્સ ડીપોઝીટ કરવામાં આવી હતી. આમ બન્ને પ્રમુખો સાથે સમાજના બધાજ યુવા કાર્યકરો ટીમ વર્કની જેમ ખભેખભા મિલાવી આ ઉત્કૃષ્ટ કાર્યમાં સહભાગી રહ્યા હતા. આ બન્ને ફીક્સ ડીપોઝીટ તા. ૧૬-૧-૨૦૨૦માં પાકતા રૂા. ૧૨૬૯૦૨/-માં રૂા. ૯૮ શ્રી મુકેશભાઈએ ઉમેરી ટોટલ ૧૨૭૦૦૦/- રૂપિયા એક લાખ સત્યાવીસ હજાર પુરા શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાને બાંધકામ ખાતામાં આધાર સ્તંભ દાતા તરીકે ભેટમાં આપેલા છે.

આ સુકૃત કાર્યમાં ઉપરોક્ત બન્ને પ્રમુખ શ્રી સાથે મંડળના પૂર્વ સેક્રેટરી શ્રી ચંદ્રેશભાઈ નાગડા, શ્રી નરેન્દ્રભાઈ મોમાયા, તથા ખજાનચી શ્રી રાજેશભાઈ ધુલ્લા , શ્રી કુનાલ મોમાયા તથા શ્રી કમલેશ નાગડાનો પણ સહકાર મળેલ છે.

ખરેખર સમાજના એક અંગ તરીકે કાર્ય કરતા યુવક મંડળના બધાજ કાર્યકર્તાઓની સામે ઝુકી તો જવાય ને.

– **મુકેશ લોડાયા,** વડોદરા, મો. 94264 03337

## કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. પ્રિટીંગ માટે પાનાની ગોઠવણ કરવાની હોઇ પાનાના ક્રમ માટે આગ્રહ ન રાખવા વિનમ્ર વિનંતી.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## વિદેશાગમન



**ચિ. આનંદ નયન નાગડા**

**(હાલ : ખામગામ, કચ્છ - તેરા)**

**એલાઈન્ઝ કંપની** તરફથી તા. ૩૧-૧-૨૦૨૦ના જર્મની પ્રયાણ કરી રહ્યા છે, એના માટે અમારા તરફથી **હાર્દિક અભિનંદન.**

**મમ્મી -પપ્પા : સૌ. લીલા નયન નાગડા**

**ભાઇ : હર્ષ નયન નાગડા**

**મો.: 99225 27511 / 73878 10878**

## : લગ્ન સંબંધી :

**પાર્થ ચેતન ગોવિંદજી કેશવજી શાહ (નાગડા),** નલિયા, હાલ અમદાવાદ, જન્મ તારીખ : ૦૭-૦૯-૧૯૯૪, સમય : ૧૭.૧૦ સ્થળ : અમદાવાદ.

અભ્યાસ : **B. Tech (I.T.)**, ઉંચાઈ ૧૭૧ cm, વડોદરા **GSFC Ltd.** માં જોબ ધરાવતા યુવક માટે ઈચ્છુક યુવતીના વડીલો સંપર્ક કરે.

**ચેતન શાહ - વોટ્સએપ : 98258 70960**

**E-mail : bajaj7589gmail.com.**



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

## જીવદયા દાન/સહાયતા માટે વિજ્ઞપ્તિ

દાયકાઓથી જીવદયામાં પ્રવૃત શ્રી જખૌ પાંજરાપોળ આપ સૌ જીવદયાપ્રેમી દાતાઓ, સંઘો,મંદિરો, સંસ્થાઓ, જ્ઞાતિજનો, વગેરેના ઉદાર સહયોગ, દાન તથા સહકાર થકી કાર્ય કરી રહી છે અને ગર્વભેર નોંધ લે છે.

હાલમાં ૨૬૧ પશુ આશ્રય લઇ રહ્યા છે અને સંખ્યા વધતી રહી છે. ૩૧ માર્ચ ૨૦૧૯ ના ૨૩૭ ઢોર હતા. પશુઓને યોગ્ય ચારો, દાણ, પાણી, સારવાર, માવજત, નિયમિત દાક્તરી તપાસણી, વગેરે પૂરી પડાય છે. તેમની સારસંભાળ તથા વહીવટ માટે ૧૦ કર્મચારીઓ છે. કચ્છમાં વરસાદ સારો થવાથી પૂરતો ઘાસચારો મલે છે. અચોક્કસ વરસાદ થકી જરૂરી ઘાસચારાનો સ્ટોક કરવો જરૂરી છે. આ માટે ફંડની જરૂરત છે. દાતાઓને દાન સહાયતા માટે વિજ્ઞપ્તિ છે.

**મળેલ દાન સહાયતા ની વિગત :**

